ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૧૨-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

પરિવર્તનનું વર્ષ વિદાય લે છે મોદી : મેન ઓફ ધ ઈયર

ભારતના ઇતિહાસમાં ૨૦૧૪નું વર્ષ યાદગાર બની રહેશે. ૧૯૪૭માં દેશ અંગ્રેજોના સકંજામાંથી આઝાદ થયો હતો ત્યારે ઘણું બધું પૂર્વ નિર્ધારિત હતું. પ્રજા જાણતી હતી કે ગાંધીજીના માનસપુત્ર જેવા પંડિત જવાહરલાલ નહેરુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની સાથે નવી સરકારનાં સૂત્રો સંભાળવાના છે. લોકશાહીનો સૂર્યોદય થઇ રહ્યો હતો એટલે પ્રજામાં ભારે ઉત્સાહ પણ પ્રવર્તી રહ્યો હતો. દેશના ભાગલા પડી રહ્યાનું દુઃખ જરૂર હતું પરંતુ સેંકડો વર્ષની ગુલામી પછી પ્રાપ્ત થયેલી આઝાદીના નશામાં એ ભુલાઇ ગયું હતું. ૨૦૧૪માં દેશને એક જુદી જ ભાતની આઝાદી માટે સજ્જ થવાની હાકલ કરાઇ હતી. પરંતુ સામે કોંગ્રેસ યુવા નેતૃત્વને આગળ ધરી રહી હતી. તો વળી ત્રીજો અને ચોથો મોરચો પણ રચાવા માંડ્યો હતો. અલબત્ત, એ તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજા પર ભારે કામણ કર્યું હતું. એમની અદ્‌ભુત વાક્‌છટા અને પ્રચારશૈલી ઉપરાંત મનમોહનસિંહના ઢીલા નેતૃત્વ હેઠળ યુપીએ સરકારનાં દસ વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વ્યપેલા ભ્રષ્ટાચાર અને કારમી મોંઘવારી જેવા મુદ્દાઓ કોંગ્રેસ માટે મરણતોલ ફટકાની આગાહી બની ગયા હતા. સરદાર પટેલ અને નહેરુ વચ્ચેની તંગદિલીને ઉજાગર કરી મોદીએ યુવાનોમાં કોંગ્રેસમાં પ્રવર્તમાન પારિવારિક શાસન વિરુદ્ધ ભારે રોષ જન્માવીને 'કોંગ્રેસમુક્ત ભારત'ની હાકલ કરી હતી. અટલબિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીના 'એનડીએ' સાથીઓ એક પછી એક વિખેરાઇ ગયા હતા તે મોદી કરિશ્માથી અંજાઇને પાછા ફરવા લાગ્યા હતા. એટલું ઓછું હોય એમ ખુદ કોંગ્રેસના અસંતુષ્ટોએ મોટી સંખ્યામાં ભાજપનો ભગવો ખેસ ધારણ કરવા લાઇન લગાવી હતી. સંજોગો જોઇને મોદીના જ પક્ષનાં સુષમા-અડવાણી જેવાં મોદી વિરોધીઓએ પાર્ટીમાં મોદીના એકચક્રી શાસનને વધાવી લેવામાં શાણપણ જોયું અને મોદીએ એમની પસંદગીના જ ઉમેદવારોને લોકસભાની ચૂંટણી માટે ટિકીટો પણ આપી. ગુજરાતમાં સાત સાત વાર અમદાવાદનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા વરિષ્ઠ ભાજપી નેતા અને અડવાણીના લાડલા હરિન પાઠકનું પત્તુ કપાયું તો રાજસ્થાનમાં વાજપેયીના લાડકા જસંવતસિંહને નનૈયો સંભળાવી દેવાયો. પોતાને 'સમથિંગ' સમજવા માંડેલા નવજોત સિદ્ધુની ટિકિટ પણ કપાઇ ગઇ! પાર્ટીના સિનિયરોને દાઢમાં ઘાલી આવાં આકરાં પગલાં લેનાર મોદીએ પોતે ફક્ત ગુજરાતનું જ નહીં. બલકે સમસ્ત રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરી શકે છે, તે સાબિત કરવા વરિષ્ઠ ભાજપ અગ્રણી મુરલી મનોહર જોષીની વારાણસી બેઠક ખૂંચવી લીધી અને એમને કાનપુરની બેઠક બઝાડી દીધી. પોતાની જ પાર્ટીના વરિષ્ઠોને નારાજ કરવા છતાં મોદીએ એકલા હાથે મિશન ૨૭૨+ પાર પાડી બતાવ્યું. એમાં એમને ગુજરાતના જ સાથી અમિત શાહની કુનેહ અને વ્યવસ્થાપન કળાનો સહયોગ સાંપડ્યો. ઉત્તરપ્રદેશમાં વિક્રમજનક સફળતા સાંપડી એનો જશ અમિત શાહને આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરંપરા તોડીને પોતાના જ ગૃહરાજયના સાથીને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી ફરી એક વાર સર્વોપરિતા સાબિત કરી દીધી. મોદીમાં વિશ્વવિજેતા બનવાના સિકંદર અને નેપોલિયન જેવી મહત્વાકાંક્ષા છે અને જરૂર પડ્યે હિટલરની જેમ છવાઇ જવાની અદમ્ય એકાધિકારવાદી વૃત્તિ પણ છે. એમનામાં સરદારની સંકલ્પ શક્તિ અને ગાંધીની સાદાઇ છે. અનેક પ્રકારનાં પરસ્પર વિરોધી લાગે એવા લક્ષણો ધરાવતું આ અનોખા ગુજરાતીનું વ્યક્તિત્વ ૨૦૧૪ના વર્ષનું સૌથી મુખર અને પ્રભાવક વ્યક્તિત્વ બની રહ્યું. જાપાન હોય કે અમેરિકા મ્યાંમાર હોય કે ઓસ્ટ્રેલિયા : જયાં પગ મૂક્યો ત્યાં એ 'નંબર વન' બની રહ્યા. એ દૃષ્ટિએ જોતા ૨૦૧૪નું વર્ષ અંગત રીતે નરેન્દ્ર મોદીને તો સમગ્રપણે ભારતને અને વિશેષપણે ગુજરાતને ફળ્યું છે. ગુજરાત આજે ભારતનું પર્યાયવાચી બની ચૂક્યું છે. ચીનના પ્રમુખને દિલ્હી આવતાં પહેલાં અમદાવાદ ઊતરવું પડે છે, વાઇબ્રન્ટ ગુજરાતની ગ્લોબલ સમિટમાં ભાગ લેવા યુનોનાં મહામંત્રી બાન-કી-મૂન સહિત ટોચનાં રાજનેતાઓ અને ઉદ્યોગપતિઓ આવી રહ્યાં છે - તે જ શું સૂચક નથી? ગુજરાત ક્યારેય આજે છે એટલું રાજકીય ક્ષેત્રે શક્તિશાળી નહોતું, એ હકીકત તો મોદીના વિરોધીઓએ પણ સ્વીકારવી જોઇએ. ૨૦૧૪માં જ બાળકોના અધિકારો માટે ઝુંબેશ ચલાવતા અદના એક્ટિવિસ્ટ કૈલાસ સત્યાર્થીને પાકિસ્તાની વીરબાળા મલાલા યુસુફઝઇની સાથે શાંતિનું નોબલ ઇનામ મળ્યું. ગુજરાતને ૨૦૧૪ને ૨૦૧૪માં પહેલા મહિલા મુખ્યમંત્રી મળ્યાં, એ ઘટનાની પણ નોંધ લેવી જ રહી. અલબત્ત, એ પણ મોદીનો જ કરિશ્મા છે. કોંગ્રેસ ઉર્મિલાબેન ચીમનલાલ પટેલને મુખ્યમંત્રીપદે બેસાડી શકી નહોતી, જરા યાદ કરો, ચીમનભાઇ પટેલના અકાળ અવસાન પછી એ પદ છબીલદાસ મહેતાને સોંપાયું હતું. ૨૦૧૪ની અન્ય એક યાદગાર ઘટના કે આમ આદમી પાર્ટીનો ઉદય અને વિલય. કેજરીવાલ ધૂમકેતુની ગતિએ આવ્યા અને ૪૯ દિવસની વિવાદાસ્પદ સત્તા ભોગવીને પોતે જ દિલ્હીની ગાદી પરથી ઊતરી ગયા. વારાણસીમાં નરેન્દ્ર મોદી વિરુદ્ધ ઉમેદવારી કરવાનું એમનું સાહસ કાબિલેદાદ હતું. હવે આગામી દિલ્હી વિધાનસભાની ચૂંટણી એમનું ભાવિ નક્કી કરશે. અલગ તેલંગાણાની વર્ષો જૂની માગણી મંજૂર કરાઇ પણ એથી વધુમાં વધુ નુકશાન મંજૂરી આપનાર કોંગ્રેસને જ થયું. કેન્દ્રમાં સત્તા હાંસલ કર્યા પછી મોદીના જાદુની અસર વિવિધ રાજયોની ચૂંટણીમાં પણ વરતાઇ. ઝાડુ લઇને કોંગ્રેસને સાફ કરવા નીકળેલા મોદી સામે અલબત્ત સરહદ અને દેશની અંદર આતંકવાદનો મોટો પડકાર છે. કાશ્મીર સર કરવામાં ઊણા ઊતર્યા હોવા છતાં મોદીનો જાદુ ઓસર્યો નથી. જો કે, મોદી મહાનાયકના રોલમાં કેટલા સફળ થશે, એ તો સમય જ કહેશે.

મેકિંગ પ્રિવિલેઝડ સંસ્થાના યુવાનોએ બ્હેરા-મુંગા બાળકોના ચહેરા પર સ્મિત ઝળકાવ્યુ

ગાંધીનગરની સંસ્થા મેકિંગ પ્રિવિલેઝડના યુવાનોએ સે-૨૮ની બહેરા મુંગા શાળાના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓને અલગ અલગ ચીજવસ્તુઓ જેવી કે કપડાં, સ્વટેર, નોટ-પેન, ટી શર્ટ, જીન્સ, નાસ્તાના પેકેટસ અને અભ્યાસમાં ઉપયોગી થાય તેવી વસ્તુઓનું વિતરણ કર્યું હતું. આ તમામ ચીજ વસ્તુઓ આ સંસ્થાના યુવાનોએ ૧૦ દિવસ મહેનત કરીને એકત્ર કરી હતી જે નવા વર્ષે બહેરા મુંગા બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના ઉદ્દેશથી વિતરણ કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના સંસ્થાપક પરિધિ ત્રિવેદી પરીખે આ કાર્યનો ઉદ્દેશ નવા વર્ષે વંચિત અને બ્હેરા મુંગા માસુમ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવાનો હોવાનું જણાવ્યું હતું. આ કાર્યમાં લગભગ ૨૫ જેટલા સંસ્થાના સભ્યો જોડાયા હતા અને તેમના આ પ્રોજેકટ 'બ્રિંગ એ સ્માઈલ'ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટીગણ તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી બલાતે ઉપસ્થિત રહી યુવાનોને બિરદાવ્યા હતાં.

કર્મચારીઓની ગેરહાજરીથી યુનિવર્સિટીનું કામ ખોરવાયું

અમદાવાદ, તા.૩૦

ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે ચાલુ સત્રએ મિની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. યુનિવર્સિટીના ટાવર બિલ્ડિંગ અને વિવિધ ભવનોમાં અત્યારે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી છે જેના કારણે યુનિવર્સિટીનું શૈક્ષણિક અને વહીવટી કામકાજ હાલ ઠપ થઇ ગયું હોય તેવો માહોલ છે જેનો લાભ લઇ વિદ્યાર્થીઓ પણ યુનિવર્સિટીમાં આવવાનું ટાળી રહ્યા છે. જેના કારણે યુનિવર્સિટીમાં અત્યારે મિની વેકેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં એક બાજુ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફની અછત છે જેના કારણે વહીવટી અને શૈક્ષણિક કામ ઉપર માઠી અસર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં હાલમાં યુનિવર્સિટી ટાવર બિલ્ડિંગ અને વિવિધ ભવનોમાં કાર્યરત શૈક્ષણઇક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને અધિકારીઓ પૈકીના અડધો અડધ કર્મચારીઓ ડિસેમ્બર મહીનો ચાલી રહ્યો હોવાથી વર્ષની બાકી રજાઓ ભોગવવા માટે રજા ઉપર ઉતરી ગયા છે.

જ્યારે બાકીના કર્મચારીઓ બે-ચાર દિવસની રજાઓનું સેટિંગ કરીને મિની વેકેશન માટે ઉપડી ગયા છે જેના કારણે યુનિવર્સિટીના ટાવર બિલ્ડિંગની વિવિધ કચેરીઓ અને વિવિધ ભવનોની ઓફિસોમાં કાગડા ઉડી રહ્યા છે. વિવિધ ભવનોમાં શૈક્ષણિક કર્મચારીઓની ગેરહાજરીના લીધે વિદ્યાર્થીઓ પણ પોતાની રીતે ભવનમાં આવવાના બદલે ઘરે રહેવાનું જ ઉચિત માની રહ્યા છે જેના કારણએ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં છેલ્લા ચાર પાંચ દિવસથી શૈક્ષણિક કાર્ય ઠપ થઇ ગયું છે. એકબાજુ સેમેસ્ટર પ્રથાના કારણે અભ્યાસક્રમ પુરો કરવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદો થાય છે ત્યારે બીજી બાજુ ચાલુ શૈક્ષણિક સત્રએ આ રીતે શૈક્ષણિક કાર્ય ખોરવાતા છેલ્લા સમયે અભ્યાસક્રમ પુરો કરવો વધુ વિકટ બને તેવી સ્થિતિ સર્જવા પામી છે.

સાન્તાકલોઝને જોઈ બાળકો ગેલમાં...

ગાંધીનગરના સે-૭માં આવેલ લીટલ ફલાવર્સ પ્લે ગ્રૂપમાં નાતાલની ઉજવણી દરમિયાન બાળકો સાન્તાકલોઝને જોઈ ગેલમાં આવી ગયા હતાં. આ ઉજવણી દરમિયાન વિવિધ વેશભૂષા અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. સાન્તાકલોઝે બાળકોને ચોકલેટસ વગેરે આપ્યા હતા અને બાળકો સાથે ખૂબ મસ્તી કરી હતી.

સિસિકાની મહિલા પાંખનું સેવા કાર્ય

ગાંધીનગર, તા.૩૦

સિનિયર સિટિઝન કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા નગરની ૧૦ આંગણવાડીઓના બાળકોને શૈક્ષણિક સાધનો જેવા કે રમકડાંનો ૧૨ નંગનો એવા કુલ ૧૦ સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મગોડી અને વૃધ્ધાશ્રમની બહેનો તથા ભાઈઓને રોજબરોજ વપરાતી ચીજવસ્તુઓની ૩૦ નંગ કીટ આપવામાં આવી હતી. આ દરેક કીટમાં કુલ ૧૭ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બંને સેવા કાર્યો માટે કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા આશરે ૩૫૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

રખિયાલની પંચશીલ વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ ગામે આવેલ પંચશીલ વિદ્યાલય દ્વારા તાજેતરમાં એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ અર્બુદા ધામ, મરતોલી, શંખલપુર, મોઢેરા સૂર્યમંદિર જેવા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસમાં શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં.

હરિની દૃષ્ટિ...

કવિ છું..., ખીસ્સુ ખાલી છે, ઘર છે નહીં એટલે સફાઈ કરવાનો જીવનમાં કોઇ મોકો નથી મળે તેમ... એટલે સફાઈ પર કવિતા સંભળાવવા માંગું છું...!!

વસંતકુંવરબા વિદ્યાલયમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સે-૨૮ ખાતે આવેલ વસંતકુંવરબા કન્યા વિદ્યાલયનો વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ તા. ૨૭મી ડીસેમ્બરે યોજવામાં આવ્યો હતો. સંસ્થાના સ્થાપક સ્વ. નટવરસિંહ સોલંકીના જન્મશતાબ્દિ વર્ષ નિમિત્તે યોજાયેલ આ ઈનામ વિતરણ કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ જિતેન્દ્રસિંહ સોલંકી, ઉપપ્રમુખ તક્ષસિંહ ઝાલા તેમજ સોમનાથ કેળવણી મંડળની કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મહેમાનોના હસ્તે શાળાના વિવિધ ક્ષેત્રો જેવા કે શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમતગમત તેમજ બાલભવનની વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને રચનાત્મક પ્રવત્તિઓ અને ખેલમહાકુંભ જેવી સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતાં.

આવતીકાલથી સે-૧૨માં રાજપૂત ભવન ખાતે યોગાસન શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની પ્રેરણા વ્યાયામ શાળા દ્વારા તા. ૧લીથી ૧૧મી જાન્યુઆરી દરમિયાન સવારે ૬.૩૦ થી ૭.૩૦ સુધી સે-૧૨માં રાજપુત ભવન ખાતે એક યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં તમામ શિબિરાર્થીઓને યોગ આચાર્ય હસમુખભઈ પટેલ દ્વારા વિના મૂલ્યે ધ્યાન, પ્રાણાયામ અને યોગાસનોનું પ્રશિક્ષણ અપાશે. આ શિબિરમાં દરેક શિબિરાર્થીએ પોતાની શેતરંજી લઈને સમયસર આવવાનું રહેશે.

मैं कभी बतलाता नहि, पर अंधेरे से डरता हुं मैं मा
युं तो मै दिखलाता नहि, तेरी परवार करता हुं मैं मा

વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

મનોવૈજ્ઞાનિકોએ આપેલ બાળવિકાસના અંગેના સોપાનો વાલીઓ માટે જાણવા જરૂરી છે. જે બાળકને માત્ર હોંશીયાર વિદ્યાર્થી જ નહિ માતા-પિતા અને દેશની શાન વધારનાર બનાવી શકે છે. સક્સેસફુલ પેરેન્ટિંગ અંગે પરીક્ષિત જોબનપુત્રા કહે છે કે બાળકના સર્વાંગીણ વિકાસ અંગે પ્લાનિંગ કરવું જોઈએ.

બાળક અંગેના - એક્શન પ્લાન

૧. બાળકને મુક્તપણે બોલવાની છૂટ આપો
૨. બાળકને ભૂલ કરવાની છૂટ આપો
૩. રોલમૉડેલ બનો, રોલરમૉડેલ નહિ
૪. બાળકને ધ્યેય નક્કી કરવામાં મદદ કરો

આ માર્ગ થોડોક કાંટાળો અને ખરબચડો છે. શક્ય છે બાળક ક્યાંક નુકસાન તો ક્યાંક હેરાનગતિ વધારનારું લાગે. શક્ય છે કે કહેવાતા ગુણપ્રધાન અભ્યાસના ક્ષેત્રે આળસુ કે પાછળ લાગે. જો માતા-પિતાની ધીરજ કામ કરી જાય અને ભવિષ્યમાં ખૂબ ચા ધ્યેય હાંસલ કરવાની ખેવના હોય તો ઉત્તમ માર્ગ છે. જો તમને વિશ્વાસ ન પડતો હોય તો જેને નામે ૧૦૯૩ પેટેન્ટ બોલે છે તેવા મહાન વૈજ્ઞાનીનો બાળપણનો અનુભવ સાંભળવા જેવો છે. થોમસ એડિસન જેવા મહાન વૈજ્ઞાનિક માટે પણ તેની માતા હંમેશા પ્રેરણાસ્રોત રહ્યાં હતાં. એડિસનના શિક્ષકે તેને સ્કૂલમાં દાખલ કર્યાના ત્રણ મહિનામાં જ પાછો મોકલી દીધો હતો. તે શિક્ષકે કહેલું - તમારા બાળકનું દિમાગ ખૂબ જ મંદ છે. તેને કશુંજ શીખવાડી શકાય તેમ નથી . આ મંદબુદ્ધિના બાળકને તેની માતાના પ્રેમ અને પ્રોત્સાહને મહાન વૈજ્ઞાનિક બનાવી દીધા.તેઓ કહેતા કે મારી સફળતામાં બુદ્ધિ માત્ર ૧ % ને પ્રેરણા ૯૯ % રહેલી છે. એડિસનની વાણીને જ સાંભળીએ; મારી માતાને મેં વહેલી ગુમાવી હતી. છતાં એને મારા પર જે પ્રભાવ પાડ્યો છે તે મારા જીવનભર રહ્યો છે. મારા બાળપણમાં એણે જે તાલીમ આપી છે તે હું ક્યારેય ભૂલીશ નહિ.જો મારી માતાએ મારા કાર્યની કદર કરી ન હોત કે જીવનની કટોકટીની ઘડીએ એણે મારામાં વિશ્વાસ રાખ્યો હોત તો હું ક્યારેય વૈજ્ઞાનિક ન બની શક્યો હોત એક બાળકી પોતાન ઓરડા તરફ ભાગી રહી છે. તેના પિતા તેને ટોકે છે. ધીમે ધીમે દોડ. ખબર નથી પડતી ? કેટલીવાર તને સમજાવી. બાળકી દલિલ કરે છે પણ પપ્પા .. પપ્પા ફરી તાડુક્યા શું પણ.. પણ.. કરે છે એક વાર કહ્યું ને કે ધીમે ધીમે ચાલ છેવટે બાળકી રહસ્ય છતું કરે છે પપ્પા મારા ઓરડામાં આગ લાગી છે. ફાયર સ્ટેશનમાં ફોન કરવો છે માટે દોડું છું. પપ્પા પાસે કોઈ શબ્દો નથી.

બાળક સૃષ્ટિબાગમાં હમણાં જ ખીલેલો છોડ છે; જે નિર્દોષ, કોમળ અને તાજગીથી છલકાતો હોય છે. તેની આ ગુણલક્ષ્મી તેને પરમશક્તિ સાથેનો જોડવા સક્ષમ છે. બાળછોડને થોડો પણ હલાવી જોઈએ તો આખો ઝુલવા લાગે છે, તેને સો ગ્રામ હાસ્ય આપીએ તો હજાર ગ્રામ ખુશી તરત પાછી આપે છે. ગર્ભવિજ્ઞાન પ્રમાણે તો બાળક ગર્ભમાં રહીને પણ બધું જ સાંભળે છે, સમજે છે અને અનુભવે છે. આપણા પક્ષે તેને શું પીરસીયે છીએ તે અગત્યનું છે. તેને બાગના ફૂલો આપીએ છીએ કે પત્થરના ટુકડા આપીએ છીએ? કંકાસના કાંટા આપીએ છીએ કે આરાધનાના બે મંત્રો સંભળાવીએ છીએ? તેની સાથે ગર્ભસંવાદ કરીએ છીએ કે મૌન જ રહીએ છીએ? અત્યારે જે બહેનો સગર્ભા છે તેણે અને હવે જે, તે દિશામાં આગળ વધી રહ્યા છે તેણે પણ આ બાબતોને ધ્યાનમાં લેવા જેવી છે.

બાળકની ભાષા તે માતાથી જુદી નથી હોતી! માતાનું સમગ્ર વ્યક્તિત્વ બાળકને ઘડે છે. માર્ગ બદલાય ગંતવ્યસ્થાન તો એ જ રહે છે. બાળકના જન્મ સાથે તેને જરૂરી સુવિધાઓ, ડોક્ટરની સલાહ અને શારીરિક સગવડ મળી રહે તે જરૂરી છે. સાથે સાથે જન્મ પૂર્વે જ જો તેને ગર્ભમાંથી જ્ઞાન

આપવાનું શરૂ થઈ જાય તો કેવા પરિણામો મળી શકે તે આપણે કદાચ ભૂલી ગયા છીએ. બાળક તો ઈશ્વરની દેન છે, પણ માતા તેને કેવા પૂર્વ આયોજન સાથે જોડી શકે છે તેના આધારે તેનો જન્મ શક્ય બને છે.

ઘરમાં બાળકને આપણે અભ્યાસ સિવાય પણ કંઈ વાતો કરી શકવા સક્ષમ રહ્યા છીએ ખરા? તેના કોઈ શોખ વિશે, પ્રવાસ વિશે કે જોયેલ સ્વપ્નનું વિશ્લેષણ કરવા તત્પરતા દેખાડીએ છીએ? આપણા જૂના રિવાજો, જીવનની હાડમારીઓ કે અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ વર્ણવી શકીએ કે નહિ? એક બાળકને દિવસ દરમિયાન મૂલ્યવાન કહી શકાય તેવો એક કલાક જો વાલી કે ઘરના સભ્યો ન આપી શકતા હોય તો તે બાળક પદવીઓથી લબાલબ હશે પણ કદાચ મનુષ્ય તરીકેની લાયકાત વિનાનો બની શકે છે. દાદી-દાદાની વાર્તાઓ તો નથી પણ આજના જમાનાની વાતો તો અવશ્ય કરી શકાય. જેમ કે , નૉબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર મલાલા હમીદ કરઝઈનો શિક્ષણ માટેનો સંઘર્ષ , રમત ગમતના ખેલાડીઓની જિંદાદિલી અને ઘરમાં બનતી ઘટનાઓ અને રીત-રિવાજો વિશે સરસ રીતે ચર્ચા કરી શકાય. કશુંજ યાદ ન હોય તો બાળકની ગુજરાતી , હિન્દી જે અન્ય કોઈ વિષયની પાઠ્યક્રમની પુસ્તિકા લઈ વાંચવાનું શરૂ કરો અને ચમત્કાર સર્જાશે. પહેલો ચમત્કાર તો તમને મળશે ખુશીનો. આપણને જ વાંચવાનો આનંદ અવશે અને તે આનંદ બાળકમાં સીધો જ ઉમેરાશે. નવી નવી વાતો તમારા મુખેથી બાળક સાંભળીને રસતરબોળ થશે. વાંચતાં-વાંચતાં તમારા અનુભવો , હકિકતો અને દૈનિક જીવનની ઘટનાઓ જોડી દેવાથી બાળક જુદા જ પ્રદેશમાં વિહાર કરવાં લાગશે.

બાળકની કેટલીક મુશ્કેલીઓ શાળા સંબંધી પણ હોય છે. જો તેને શાળાના મિત્રો , શિક્ષક કે કાર્યક્રમો વિશે પૂછીએ તો તે એવો ખીલતો હોય છે કે જેમ આપણે આપણી ઑફિસની વાતોમાં ખોવાઈ જઈએ એમ. બાળક જે કાર્યક્રમોમાં આગળ પડતો હોય, તેની રસ-રુચિની પ્રવૃત્તિઓ વિશેની ચર્ચા કરવાથી તે ફૂલણશી કાગડાની જેમ બધું જ કહેવા લાગશે.

ક્યારેક એવા વરવા વાલીઓ પણ સમાજમા જોવા મળે છે જે બાળકને પરીક્ષા અને પરિણામના ત્રાજવામાં બેસાડીને રોજ તોલવા ટેવાયેલા હોય છે. તેમની નજર બાળક કરતાં માત્ર તેની માર્કશીટ અને મેળવેલ મેડલ ઉપર ટકેલી હોય છે. તેમનો ખોરાક માર્ક્સ અને ખાતર પણ માર્ક્સ. દુનિયાનો એકમાત્ર વિષય તે ટકા, પર્સેંટાઈલ અને પ્રવેશ પરીક્ષા. આવા બાળકો માત્ર નોકરી કરવાને લાયક બનીએ એક સામન્ય નાગરિક બની ઘર ચલાવી શકવાને સક્ષમ બને છે. તેમની પાસે કોઈ લાંબા ગાળાની યોજનાઓ , વૈજ્ઞાનિક દ્રષ્ટિ, સમાજ ચિંતન કે નવીનીકરણ (ઈનોવેશન) ની સૃષ્ટિ બનતી નથી. દેશના પ્રશ્નો ક્યારેય તેને પોતાના લાગતા નથી. તેની સૃષ્ટિ ઘરની ચાર દિવાલોમાં સમાઈ જતી હોય છે. આકાશને બાંધવાની શક્તિ જેની પાસે હોવાના પુરાવા છે તે મહિનાના અંતે પગારની રાહ જોતો બેઠો હોય તે દેશનું દુર્ભાગ્ય બની ગયું છે. બિલ ગેટ્સ, એ.આર.રહેમાન, કૈલાસ ખેર, મહેન્દ્રસિંહ ધોની , કપિલદેવ , નરેન્દ્ર મોદી, ઓબામા અને શાહરુખ ખાને જીવનને કેવી રીતે વળાંક આપ્યો એ જો સમજીએ તો આ જીવનમાં છુપાયેલ નવીનીકરણને બરાબર સમજી શકીએ. આજે પણ ભારતમાતા એવા વૈજ્ઞાનિકો, સંશોધકો અને સમાજચિંતકોને ઝંખે છે જે સમયની પેલે પાર છુપાયેલ અજવાળાને ખભે કરી ખેંચી લાવે.